ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭ | ૨૮ માર્ચ, ૨૦૨૦, શનિવાર; ચૈત્ર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોના કેસમાં ચિંતાજનક વધારો

**એક જ દિવસમાં ૧૨૪ પોઝિટિવ કેસ વધતા દેશમાં કુલ ૮૬૪ કેસ થતાં ચિંતાનું મોજુ : સૌથી વધુ કેરળમાં ૧૭૬ અને મહારાષ્ટ્રમાં ૧૪૭ કેસ નોંધાયા : મુંબઈના તબીબનું કોરોનામાં મૃત્યુ થતાં ઘેરો શોક છવાયો : કુલ ૧૯ના મોત : ભીલવાડામાં જીવ ગુમાવનાર વ્યક્તિના પરિવારના ૨ સભ્યો પોઝિટિવ**



નવી દિલ્હી, તા.૨૭

કોરોના વાયરસના કેસો ભારતમાં પણ અતિ ઝડપથી વધી રહ્યા છે. મોતનો આંકડો પણ વધીને હવે ૨૦ ઉપર પહોંચી ગયો છે. જ્યારે કેસોની સંખ્યા વધીને ૭૨૭ ઉપર પહોંચી ગઈ છે. રિપોર્ટ મુજબ ગુરૂવારના દિવસે એક દિવસમાં સાત લોકોના મોત થઈ ગયા હતા જે એક દિવસમાં મોતનો આંકડો સૌથી મોટો રહ્યો છે. કુલ ૭૧ નવા કેસો પણ સપાટી પર આવ્યા છે. તમામ રાજ્યોમાં કોરોનાના કેસો સપાટી પર આવી રહ્યા છે. જે ખતરનાક સ્થિતીનો સંકેત આપે છે. મધ્યપ્રદેશમાં પણ એકનુ મોત થયુ છે. ગુજરાતમાં પણ કોરોના વાયરસના કેસોની સંખ્યા ઝડપથી વધી છે. ભારત સરકાર તરફથી લોકોને સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. મહારાષ્ટ્માં કેસોની સંખ્યા સૌથી વધારે છે.દેશના ૨૫ રાજ્યો કોરોના વાયરસના સંકજામાં આવી ચુકયા છે. મોટા ભાગના રાજ્યોમાં હવે લોકડાઉનની સ્થિતી રહેલી છે. ચાર કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૨૭ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ગયા છે. ભારતમાં ૪૮ વિદેશી લોકો પણ કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં આવી રહ્યા છે.વિદેશમાં ફસાયેલા ભારતીયોને પણ પરત લાવવામાં આવી રહ્યા છે. ભારતમાં કોરોના વાયરસ થયા બાદ ૩૫ લોકો સ્વસ્થ થઈ ચુક્યા છે. ભારતમાં કોરોનાના કારણે ૨૦ લોકોના મોત થયા છે. કારણે સૌથી વધારે પ્રભાવિત છે. વિદેશમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવામાં આવી રહ્યા છે. કોરોના વાયરસના કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે.ખતરનાક સ્વરૂપની અસરને ટાળવા માટે દેશભરમાં કઠોર રીતે લોકડાઉનની સ્થિતી

● અનુસંધાન પાના - ૭ પર

## કોલ્હાપુરમાં એક જ પરિવારના ૧૨ સભ્યોને કોરોના પોઝિટિવ

**પરિવારના ચાર સભ્યો હજથી પરત ફર્યા હતા**

કોલ્હાપુર,તા.૨૭

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અત્યાર સુધી અહીં ૧૩૦ કેસ સામે આવી ચુક્યા છે. આ વચ્ચે અહીંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કોલ્હાપુર પાસે એક જ પરિવારના ૧૨ લોકો કોરોના વાયરસ પોઝીટીવ હોવાનું જાણવા મળ્યું છે. સૌપ્રથમ ૨૩ માર્ચે પરિવારના ૪ સભ્યોનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આ ચારેય હજથી પરત ફર્યા હતાં. આ પરિવાર સાંગલી જિલ્લાના ઈસ્લામપુર ગામના રહેવાસી છે. સૌપ્રથમ હજથી પરત આવેલા પરિવારના ૪ સભ્યોને આઈસોલેશનમાં રાખવામાં આવ્યાં હતાં. ૨૩ માર્ચે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. ૨૫ માર્ચે પરિવારના અન્ય ૫ સભ્યોનો ટેસ્ટ કરાવામાં આવ્યો. આ પાંચેય સભ્યોનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો. તે બાદ મેડિકલ ટીમે પરિવારના ૩ અન્ય સભ્યોને ટેસ્ટ માટે બોલાવ્યાં. આ ત્રણેયનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો. આ રીતે એક જ પરિવારના ૧૨ લોકો ખતરનાક કોરોના વાયરસની ઝપેટમાં આવી ગયાં. આ વચ્ચે સાંગલી જિલ્લાના સિવિલ સર્જન સંજય સાલુનખેએ કહ્યું કે આ પરિવારના સંપર્કમાં આવનારા તમામ લોકોના સેંપલ લેવામાં આવી રહ્યાં છે.

# કોરોના સામે લડવા સેના તૈયાર

**જો જરૂર પડશે તો સેના કોઇપણ પગલુ ઉઠાવવા માટે તૈયાર : છ કલાકનો એક્શન પ્લાન તૈયાર : આર્મી ચીફ**

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશ પર મંડરાઈ રહેલા કોરોના વાઈરસના મહાસંકટનો સામનો કરવા માટે દરેક જણ પોતાની રીતે પ્રયત્ન કરી રહ્યો છે. કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો આકરા નિર્ણયો લઈ રહી છે, તો બીજી તરફ ભારતીય સેના પણ દરેક પડકારોનો સામનો કરવા માટે સંપૂર્ણ સજ્જ જોવા મળી રહી છે.

આ અગે સેનાના પ્રમુખ એમ એમ નરવણેએ જણાવ્યું કે, જો જરૂરત પડશે, તો સેના કોઈ પણ પગલુ ભરવા માટે તૈયાર છે. આર્મી પાસે એક ૬ કલાકનો એકશન પ્લાન તૈયાર છે. જે અંતર્ગત તાત્કાલિક આઈસોલેશન સેન્ટર અને આઈસીયુને તૈયાર કરવામાં આવી શકે છે.

આ અંગે એક ઈન્ટર્વ્યૂમાં સેના પ્રમુખે કોરોના વાઈરસના પડકાર પર ચર્ચા કરી હતી આર્મી ચીફ નરવણેએ જણાવ્યું કે, આ સંકટની સ્થિતિમમાં સેના પોતાનું કામ કરી રહી છે અને તમામ ઓપરેશનલ ટાસ્ક આ સમયે યથાવત છે. હજુ સુધી અનેક

● અનુસંધાન પાના - ૭ પર



## મહારાષ્ટ્રમાં ૧૧ હજાર કેદીઓને પેરોલ પર છોડી મૂકવાનો આદેશ

મહારાષ્ટ્ર સરકારે કોરોના વાઈરસના પ્રકોપને ધ્યાનમાં રાખતા રાજ્યની જેલમાં સાત વર્ષ અથવા તેનાથી ઓછી ઉંમરની સજા કાપી રહેલા ૧૧૦૦૦ કેદીઓને પેરોલ પર છોડી મૂકવાનો આદેશ આપ્યો છે. જેમાં ૧૧૦૦૦ કેદીઓને છોડી મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### કોરોના લોકડાઉન

## ત્રણ મહિના સુધી લોનના હપ્તામાંથી મુક્તિ અપાઈ

**રેપોમાં ૭૫, રિવર્સ રેપોરેટમાં ૯૦ બેઝિક પોઇન્ટનો ઘટાડો : સીઆરઆરમાં ૧૦૦ બેઝિક પોઇન્ટનો કાપ : લોકડાઉનની સ્થિતિ વચ્ચે આરબીઆઈ દ્વારા શ્રેણીબદ્ધ પગલા જાહેર**

નવી દિલ્હી,તા. ૨૭

નાણાંમંત્રી નિર્મલા સીતારામનના આર્થિક પેકેજની જાહેરાતના એક દિવસ બાદ આજે કેન્દ્રીય



બેંક અથવા તો આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે પણ શ્રેણીબદ્ધ નિર્ણયોની જાહેરાત કરી હતી. કોરોના વાયરસના પ્રભાવને લઈને કેટલીક મોટી બાબતોની જાહેરાત કરી હતી. કોરોના વાયરસ અને તેના કારણે લોકડાઉનથી થઈ રહેલા નુકસાનને ધ્યાનમાં લઈને એક પછી એક જાહેરાતો કરવામાં આવી રહી છે. લોકડાઉનના કારણે અર્થતંત્રને અને આવકને થઈ રહેલા નુકસાનને ધ્યાનમાં લઈને પગલાઓ જાહેર કરાયા છે. આરબીઆઈએ આજે રેપોરેટમાં ઘટાડો કરીને ઈએમઆઈમાં વધુ ઘટાડાનો રસ્તો સાફ કર્યો હતો. આરબીઆઈના ગવર્નરે નીતિગત વ્યાજદરમાં મોટો ઘટાડો કર્યો છે. રેપોરેટમાં ૭૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવાની આજે જાહેરાત કરી હતી. આની સાથે જ નવો રેટ ૪.૪૦ ટકા થયો છે. રેટમાં ઘટાડો કરવાથી લોનના માસિક હપ્તા ઘટી જશે. આનાથી સામાન્ય લોકોને રાહત થશે. સાથે સાથે રિવર્સ રેપોરેટમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે. રિવર્સ રેપોરેટને ૯૦ બેઝિક પોઈન્ટ ઘટાડીને ચાર ટકા કરી દેવામાં આવ્યો છે. શક્તિકાંત દાસે કહ્યું હતું કે, ક્રૂડની ઘટતી કિંમતોના કારણે ઈકોનોમી ઉપર દબાણ આવ્યું છે. છેલ્લી બે પોલિસી બેઠકમાં રેપોરેટમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો ન હતો.

● અનુસંધાન પાના - ૭ પર

# બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોન્સનને કોરોના પોઝિટિવ

**પ્રિન્સ ચાર્લ્સ બાદ હવે બ્રિટિશ વડાપ્રધાન પણ સકંજામાં આવ્યા : બ્રિટનમાં કોરોનાના કેસ ૧૧૬૫૮ નોંધાયા છે : મેડિકલ એડવાઈઝના આધાર પર બ્રિટિશ વડાપ્રધાન ડાઉનિંગ સ્ટ્રીટમાં આઈસોલેશનમાં હોવાના અહેવાલ**

નવી દિલ્હી, તા. ૨૭

બ્રિટિશ વડાપ્રધાન બોરિશ જોન્સન પણ કોરોના વાયરસ માટે ટેસ્ટ પોઝિટિવ આવતા જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. બોરિશ જોન્સને આજે પોતે જાહેરાત કરી હતી કે, તેઓ નજીવા લક્ષણ દેખાયા બાદ કોરોના વાયરસ માટે ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. હાલમાં તેઓ તબીબી સલાહના આધાર પર ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટમાં સેલ્ફ આઈસોલેશન ઉપર છે. સોશિય મિડિયા ઉપર પોસ્ટ કરવામાં આવેલા વિડિયો મેજેસમાં બ્રિટિશ વડાપ્રધાને કહ્યું છે કે, જીવલેણ વાયરસનો સામનો કરવા જ્યારે બ્રિટિશ લોકો કમરકસી ચુક્યા છે ત્યારે તેઓ બ્રિટનનું નેતૃત્વ કરશે. બ્રિટનમાં આના કારણે હજુ સુધી ૫૭૮ લોકોના મોત થઈ ચુક્યા છે. બ્રિટનમાં પણ એક્ટિવ કેસોની સંખ્યા ૧૧૦૦૦ની આસપાસ છે. ૨૪ કલાક પહેલા હળવા લક્ષણો દેખાયા હતા. ત્યારબાદ કોરોના વાયરસ માટે ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. ટ્વિટર પર તેઓએ આ મુજબની વાત કરી છે. વાયા વિડિયો કોન્ફરન્સથી સરકારનું નેતૃત્વ તેઓ જારી રાખશે. સાથે મળીને કોરોના વાયરસને પરાજિત કરવામાં આવશે. ઈંગ્લેન્ડની ચીફ મેડિકલ ઓફિસર કચેરીની



સલાહના આધાર પર હાલમાં તેઓ આઈસોલેશનમાં છે. નેશનલ હેલ્થ સર્વિસ સ્ટાફ દ્વારા ૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ ટેસ્ટના પરિણામ પોઝિટિવ આવ્યા હતા. ગાઈડન્સ મુજબ હવે તેઓ સેલ્ફ આઈસોલેશનમાં છે. અમેરિકાએ શુક્રવારના દિવસે કોવિડના કેસોમાં ચીનને પાછળ છોડીને સૌથી વધુ કેસોનો આંકડો મેળવી લીધો છે. વૈશ્વિક સ્તર પર કોરોના વાયરસના કારણે હજુ સુધી ૨૪૦૦૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે કેસોનો આંકડો ૫૪૦૦૦૦ સુધી પહોંચ્યો છે.

# અમેરિકામાં કોરોનાનો હાહાકાર

**કોરોના સામે લડવામાં અમેરિકા ફ્લોપ : વિશ્વમાં સૌથી વધુ કેસ : અમેરિકામાં ૮૫૫૯૪ અને ચીનમાં ૮૧૩૪૦ કેસો : ઇટાલીમાં કોરોનાના ૮૦ હજારથી વધારે કેસ : ૨૦૦ દેશો કોરોના વાયરસના સકંજામાં પહોંચી ગયા**

નવી દિલ્હી,તા. ૨૭

ચીનના વુહાન શહેરથી શરૂ થયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાયરસનો કહેર દુનિયાના ૨૦૦ દેશોમાં હવે જારી છે. સુપર પાવર ગણાતા અમેરિકામાં હવે કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા વિશ્વમાં સૌથી વધારે થઈ ગઈ છે. ચીન અને ઈટાલી કરતા અમેરિકામાં કેસોની સંખ્યા વધારે થઈ ગઈ છે. કેસોની સંખ્યા અને મોતની સંખ્યા અમેરિકામાં રોકેટગતિથી વધી રહી છે. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૯ કેસો સપાટી પર આવ્યા છે.



જ્યારે વધુ પાંચ લોકોના મોત થયા છે. અમેરિકામાં કેસોની સંખ્યા હવે વધીને વિશ્વમાં સૌથી વધારે ૮૫૫૯૪ સુધી પહોંચી ગઈ છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા પણ અમેરિકામાં બે હજારથી વધારે રહેલી છે. ઈટાલીમાં પણ કેસોની સંખ્યા હવે ચીન કરતા વધારે થવાની નજીક છે. ચીનમાં સ્થિતી કાબુમાં આવી રહી છે. ઈટાલીમાં તો મોતનો આંકડો ૮૨૧૫ સુધી પહોંચી ગયો છે. કુલ રિક્વર થયેલા લોકોની સંખ્યા ૬૨૦૧૩ થઈ છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી

● અનુસંધાન પાના - ૭ પર

## દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલ ગાબડુ પુરાવા માંડ્યુ..!!

વૉશિંગ્ટન,તા.૨૭

આખી દુનિયામાં કોરોનાના કારણે હાલમાં લોકડાઉન છે.આર્થિક ગતિવિધિઓ ઠપ થઈ ચુકેલી છે.ઉદ્યોગોને તાળા વાગેલા છે. જેની સીધી અસર દુનિયાના પર્યાવરણ પર જોવા મળી રહી છે. આ અસર પાછી પોઝિટિવ છે. જેના કારણે દુનિયાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ ગાબડુ પુરાવા માંડ્યુ છે. અમેરિકાની કોલોરાડો યુનિવર્સિટીના સંશોધકોએ જાણકારી મેળવી છે કે, પૃથ્વીના દક્ષિણી હિસ્સામાં આવેલા એન્ટાર્ટિકાની ઉપર ઓઝોન લેયરમાં પડેલુ વિશાળ ગાબડુ પૂરાવા માંડ્યુ છે. કારણકે ચીન તરફથી આ દિશામાં જતા પ્રદુષણમાં કમી આવી છે.

કોરોના પહેલા દુનિયામાં પ્રદુષણની અસર બહુ વધારે હતી. પૃથ્વી પરથી પસાર થતી હવાઓ દક્ષિણ હિસ્સા તરફ જતી હતી. હવે તેનો રુખ પલટાઈ ગયો છે. સંશોધકોનુ કહેવુ છે કે, આ બદલાવ હંગામી છે પણ પર્યાવરણ માટે લાભમાં છે. ચીનમાં ઔદ્યોગિક ગતિવિધિઓ ઓછી હોવાથી જેટ સ્ટ્રીમ સાચી દિશામાં છે. કાર્બન ડાયોક્સાઈડનુ પ્રમાણ પણ ઘટી ગયુ છે.એટલે ઓઝોનના ઘા રુઝાઈ રહ્યા છે.

કોરોનાના કહેર પહેલા ચીન ઓઝોન લેયરને નુકસાન કરે તેવા પ્રદુષિત તત્વો સૌથી વધારે માત્રામાં રિલિઝ કરતુ હતુ. જોકે હવે આવા તત્વોનુ પ્રમાણ ઓછુ થઈ ગયુ છે. ૨૦૦૦ પહેલા જેટ સ્ટ્રીમ ધરતીની વચ્ચે ફરતી હતી.જોકે એ પછી તેની દિશા દક્ષિણ તરફની થઈ ગઈ હતી.જેના કારણે આ હિસ્સાની ઉપર આવેલા ઓઝોન લેયરમાં ગાબડુ પડી ગયુ હતુ.જેના કારણે ઓસ્ટ્રેલિયા જેવા દેશોના હવામાનને સીધી અસર થઈ હતી. જો દુનિયાનુ પ્રદુષણ આ જ રીતે ઓછુ રહ્યુ તો તેનો ફાયદો ઓસ્ટ્રેલિયાને પણ થશે. એમ પણ પ્રદુષણના અભાવે ઘણા દેશોની હવા ચોખ્ખી થઈ રહી છે.

## સ્પેન અને ઈટાલીમાં સ્થિતી બેકાબુ

કોરોના વાયરસના કારણે મોતનો આંકડો હવે ઈટાલી અને સ્પેનમાં પહોંચી ગયો છે. બંને દેશો વિશ્વમાં આરોગ્યની સૌથી સારી સ્થિતી ધરાવે છે છતાં સ્થિતી બેકાબુ બનેલી છે. બંને દેશોમાં કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. હાલમાં સ્થિતી કાબુમાં નહીં આવે તેવી શક્યતા છે. બંને દેશોમાં કોરોના વાયરસે ખુબ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા એક પછી એક મોટી સંખ્યામાં લોકોના મોત થઈ રહ્યા છે.ઈટાલીમાં મોતનો આંકડો હવે વધીને ૮૨૧૫ સુધી પહોંચી ગયો છે. જ્યારે સ્પેનમાં મોતનો આંકડો વધીને ૪૩૬૫ સુધી પહોંચી ગયો છે. ગંભીર દર્દીઓની સંખ્યા પણ બંને દેશોમાં ખુબ વધારે રહેલી છે.

## અમેરિકાની અંતે પોલ ખુલી ગઈ ન્યુયોર્કમાં બેડ-મેડિકલ સ્ટાફ નથી

કોરોના વાયરસની ખતરનાક સ્થિતિ વચ્ચે અમેરિકાની પોલ ખુલી ગઈ છે. મહાશક્તિ હોવાનો દાવો કરનાર અમેરિકા કોરોના વાયરસને રોકવામાં સંપૂર્ણપણે ફ્લોપ છે. કેસોની સંખ્યા ચીન અને ઈટાલી કરતા પણ વધુ થઈ ગયા છે. સ્થિતિ એ છે કે, હજુ કેસો વધી રહ્યા છે. ૩૩ કરોડની વસ્તી ધરાવતા અમેરિકામાં બેદરકારી સ્પષ્ટપણે દેખાઈ આવી છે. ન્યુયોર્કમાં ૩૮૫ના મોત થઈ ચુક્યા છે. ન્યુયોર્કમાં તો સ્થિતિ એટલી ખરાબ થઈ છે કે, જરૂર મુજબ બેડ અને સ્ટાફ નથી. નિવૃત્ત થયેલા મેડિકલ સ્ટાફની મદદ લેવામાં આવી છે. ૩૦૦૦૦ વેન્ટીલેટરની જરૂર છે તેની સામે ૪૦૦ મોકલવામાં આવ્યા છે.